For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# હાંસોટમાં ભાઈને મળવા આવેલી પાકિસ્તાની મહિલાને પરત મોકલી દેવાઈ

**14મી** એપ્રિલે આવી હતી અને 26મી જૂન સુધી રોકાવાના વિઝા હતા, પરંતુ સરકારના આદેશને પગલે કાર્યવાહી

**પહેલગામ** આતંકી હુમલાના પ્રત્યાઘાત, અટારી બોર્ડરથી પરત પાકિસ્તાન રવાના કરી દેવામાં આવી




ભરૂચ: હાલમાં જમ્મુ-કાશ્મીરમાં થયેલા રક્તરંજિત આતંકી હુમલાથી કેન્દ્ર સરકારે પાકિસ્તાની નાગરિકોના વિઝા રદ કરવાનો નિર્ણય લીધો છે. આ નિર્ણયને પગલે ગુજરાતમાંથી પાકિસ્તાની નાગરિકને પરત મોકલવાનો પ્રથમ કિસ્સો ભરૂચ જિલ્લામાં પ્રકાશમાં આવ્યો છે.

રાજ્યના ગૃહ વિભાગે તમામ જિલ્લા પોલીસ વડાને પાકિસ્તાની નાગરિકોને પરત મોકલવા સૂચના આપી દીધી હતી. ભરૂચ જિલ્લા પોલીસ વડા મયૂર ચાવડાની સૂચનાથી સ્થાનિક પોલીસે હાંસોટમાંથી એક પાકિસ્તાની મહિલાને પરત પાકિસ્તાન રવાના કરી હતી. પાકિસ્તાની મહિલા શાહીદાબીબી ગત 14મી એપ્રિલે હાંસોટના ભાટવાડમાં રહેતા તેમના ભાઈ કમાલુદ્દીન શેખને મળવા આવી

...અનુસંધાન પાના 9 પર

## ગુજરાતમાં રહેતા પાકિસ્તાની નાગરિકોની માહિતી

| ક્રમ | શહેર | લોંગવિઝા | શોર્ટવિઝા | કુલ |
|---|---|---|---|---|
| 1 | અમદાવાદ શહેર | 77 | 5 | 82 |
| 2 | સુરત શહેર | 44 | - | 44 |
| 3 | વડોદરા શહેર | 14 | 1 | 15 |
| 4 | રાજકોટ શહેર | 14 | - | 14 |
| 5 | અમદાવાદ ગ્રામ્ય | 3 | - | 3 |
| 6 | અમરેલી | 4 | - | 4 |
| 7 | અરવલ્લી-મોડાસા | 1 | - | 1 |
| 8 | આણંદ | 12 | - | 12 |
| 9 | કચ્છ-પૂર્વ-ગાંધીધામ | 3 | - | 3 |

...અનુસંધાન પાના 9 પર

## સુરત પોલીસે શહેરમાં આવેલા 44 પાકિસ્તાનીને શોધી કાઢ્યા, હવે વતન તગેડવાની કાર્યવાહી હાથ ધરાશે

**ટુરિસ્ટ**, લોંગ ટર્મ કે સ્ટુડન્ટ્સ વિઝા પર સુરતમાં આવેલા પાકિસ્તાનીઓ પર પોલીસની બાજનજર, ગૃહ વિભાગના આદેશની જોવાતી રાહ

સુરત: કાશ્મીરના પહેલગામમાં આતંકી હુમલા બાદ કેન્દ્ર સરકારે ભારતમાં આવેલા પાકિસ્તાનીઓના વિઝા તુરંત રદ કરી તેમને પરત વતન મોકલવા અંગેનો નિર્ણય જાહેર કર્યો છે. જેના આધારે સુરત પોલીસ દ્વારા તાત્કાલિક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે અને સુરતમાં વિવિધ વિઝાના આધારે આવીને રહેલા પાકિસ્તાનીઓની સંખ્યા, વિગતો મેળવી તેમની પર બાજનજર રાખવાનું શરૂ કરી દેવાયું છે. ગૃહ વિભાગના આદેશ બાદ સુરત પોલીસ તુરંત એક્શનમાં આવી તેનું પાલન કરશે એવું જાણવા મળ્યું છે. પ્રારંભિક તબક્કે એવી વિગતો સાંપડી છે કે સુરતમાં લોંગ ટર્મ વિઝા પર આવેલા પાકિસ્તાની નાગરિકોની સંખ્યા 44 છે, જેમાં કેટલાક સિંધી સમાજના લોકોનો પણ સમાવેશ થાય છે. કેટલાક કિસ્સાઓ એવા પણ છે જેમાં પાકિસ્તાનમાં લગ્ન થયા હોવા છતાં છૂટાછેડા બાદ લોકો ફરી ભારત આવ્યા હોય અને હવે તેઓ ભારતની નાગરિકતા મેળવવા માટેની પ્રક્રિયા હેઠળ છે. લોંગ ટર્મ વિઝા પર આવેલા તમામ લોકો પર સુરત પોલીસની નજર છે. સુરત પોલીસ તરફથી જણાવવામાં આવ્યું છે કે પાકિસ્તાનથી આવેલા તમામ લોકો પર પોલીસની કડક નજર છે. હાલ તમામની માહિતી એકત્ર કરવામાં આવી રહી છે, પરંતુ અમદાવાદ ફોરેનર્સ રીજનલ રજિસ્ટ્રેશન ઓફિસ દ્વારા સૂચના ન

...અનુસંધાન પાના 9 પર

## ગુજરાતમાંથી સાત પાકિસ્તાનીઓને શોધીને પરત મોકલવામાં આવ્યા

ગાંધીનગર : પહેલગામ આતંકી હુમલામાં 27 પ્રવાસીઓના મોતની ઘટના બાદ કેન્દ્રિય ગૃહ મંત્રી અમીત શાહ સતત એક્શન મોડમાં જોવા મળી રહ્યાં છે. શાહે આજે ગુજરાત સહિત દેશના તમામ મુખ્યમંત્રીઓ સાથે ફોન પર વાતચીત કરીને જુદા જુદા વીઝા સાથે આવેલા પાકિસ્તાનીઓને પરત મોકલવા કાર્યવાહી કરવા તાકિદ કરી હતી. ઉલ્લેખનીય છે કે કેન્દ્ર સરાકર દ્વારા છેલ્લા 24 કલાકની અંદર પાકિસ્તાની નાગરિકોને જુદી જુદી 17 કેટેગરીમાં અપાયેલા ભારતના વીઝા રદ કરી દીધા છે, જેના પગલે હવે દેશફભરમાં પાકિસ્તાની નાગરિકોને શોદીને પંજાબની અટ્ટારી બોર્ડર પરથી પરત મોકલવામાં આવી રહ્યાં છે. કેન્દ્રિય ગૃહ મંત્રી અમીત શાહની ટેલિફોનિક સૂચના બાદ ગાંધીનગરમાં ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં ગૃહ વિભાગ હરકતમાં આવી ગયુ હતું. આજે દિવસ

...અનુસંધાન પાના 9 પર

## એક જમાનામાં જેના વગર ચાલતું ન હતું તે હતી ટપાલ પેટી




ભારતીય ટપાલ સેવાની શરૂઆત 1 ઓક્ટોબર 1854ના રોજથી થઇ હતી. ધીરે ધીરે તેનો વિકાસ થતો ગયો અને એક સમય એવો આવી ગયો જ્યારે તેના વગર કોઇને ચાલે તેમ ન હતું. તેના વિતરણનું મહત્વનું માધ્યમ ટપાલ પેટી પણ હતી. લોકોની નજર ખેંચાઇ તેવો તેનો લાલચટાક રંગ હતો પરંતુ સમય જતા હવે ટપાલ પેટીઓ વિસરાઇ ગઇ છે. સુરતના જમનાનગરમાં આજે પણ એક ટપાલ પેટી છે જે નવી પેઢીને દરેક માતા-પિતાએ બતાવવી જોઇએ. (તસવીર : હેમંત ડેરે)

# વાપીની આસપાસ વરસાદના છાંટા પડ્યા, દમણ-ઉમરગામમાં પણ વરસાદ

**સુરતમાં** પણ દિવસભર વાદળછાયું વાતાવરણ રહ્યું

**વાતાવરણમાં** પલટા સાથે દિવસ દરમિયાન વાદળિયું વાતાવરણ રહ્યું

વાપી, સુરત : વાપી તેમજ તેની આસપાસના વિસ્તારમાં રાત્રે વરસાદના છાંટા પડતા વાતાવરણમાં પલટો આવ્યો હતો. જોકે દિવસ દરમિયાન પણ વાદળીયું વાતાવરણ હતું. રાત્રે ઉમરગામ તેમજ દમણમાં પણ વરસાદ પડ્યો હોવાનું જાણવા મળે છે. વાપી વિસ્તારમાં વરસાદી માહોલ વચ્ચે વરસાદના છાંટા પડ્યા હતા. વાપીની આસપાસના વિસ્તારમાં પણ વરસાદના છાંટા પડતા વાતાવરણમાં પલટો આવ્યો હતો. કમોસમી વરસાદને લઈને ખેડૂતોની ચિંતા વધી ગઈ હતી. ખાસ કરીને આ વખતે કેરીનો પાક આમ પણ ખાસ નથી આવ્યો તેમાં માવઠાને કારણે કેરીના પાકને અસર થાય તો ખેડૂતો માટે વધુ મુશ્કેલી થશે.

તો બીજી તરફ સુરતમાં પણ દિવસભર વાદળછાયું વાતાવરણ રહ્યું હતું. હવામાન વિભાગના જણાવ્યા મુજબ એપ્રિલ મહિનો પૂરો થવા આવ્યો છે ત્યારે ઉનાળો પણ પોતાનું અસલી સ્વરૂપ દેખાડવાનું શરૂ કરી દીધું છે. બે દિવસ પહેલા શહેરમાં મહત્તમ તાપમાન 41 ડિગ્રીએ પહોંચ્યું હતું. ગઈકાલે પારો ગગડીને 35.6 ડિગ્રી નોંધાયો હતો. આજે આંશિક વધીને 35.8 ડિગ્રી નોંધાયો છે.

...અનુસંધાન પાના 9 પર



# ભારતની પ્રથમ ટેસ્લા સાયબરટ્રક સુરતમાં, લવજી બાદશાહ પરિવાર ખરીદી લાવ્યો

**આ** સાયબરટ્રકનું હજુ સુધી ભારતમાં વેચાણ શરૂ થયું નથી, એટલે અમેરિકાથી દુબઇ અને ત્યાંથી સુરત મંગાવવામાં આવી

**3.2** સેકન્ડમાં જ 100ની ઝડપ પકડી લેતી આ સાયબરટ્રક પર બાદશાહ પરિવારે અંગ્રેજીમાં 'GOPIN' પણ લખાવ્યું છે.

સુરતઃ એલોન મસ્ક પોતાની ટેસ્લા કારને ભારતમાં પ્રવેશ કરાવે તે પહેલા જ ટેસ્લા કંપનીની જાણીતા સાયબર ટ્રક તરીકે ઓળખાતી કારને સુરતના જાણીતા ઉદ્યોગપતિ લવજી બાદશાહે ખરીદી છે. તાજેતરમાં સોશિયલ મીડિયા પર આ કારના વિડીયો વાઈરલ થયા હતા. આ કારનું હજુ ભારતમાં વેચાણ શરૂ થયું નથી, જેથી લવજી બાદશાહે આ અમેરિકાથી દુબઈ મંગાવી અને ત્યાંથી ભારતમાં સુરતમાં લાવ્યા છે. લવજી બાદશાહ અને તેમના પુત્રોએ આ કાર પર અંગ્રેજીમાં

...અનુસંધાન પાના 9 પર

### સાયબરટ્રકનું આ મોડલ યુનિક છે અને લિમિટેડ એડિશન છે, એલન મસ્કે ખુદ ડિઝાઈન કરી છે: પિયૂષ ડાલિયા (બાદશાહ)

આ કાર અંગે લવજી બાદશાહના પુત્ર પિયુષએ જણાવ્યું હતું કે, આમ તો સુરતમાં ઘણી કાર ઈમ્પોર્ટ થતી હોય છે પરંતુ અમને આ જ સાયબરટ્રક ગમી હતી. કારણ કે આ સાયબરટ્રકનું મોડલ યુનિક છે. એલન મસ્કે ખુદ ડિઝાઈન કરીને આ લેટેસ્ટ સાયબરટ્રક બનાવી છે. અત્યાર સુધીની આ ફાસ્ટેસ્ટ ગાડી છે. ક્યાંય તેની કંપનીનું નામ લખ્યું નથી. જેથી અમે આ ખરીદી હતી. આ મોડેલની કિંમત અન્ય સાયબરટ્રકના મોડલ કરતાં વધારે છે અને તેનું વેચાણ એપ્રિલ , 2025 સુધી જ થવાનું હતું. આ સિરીઝની લાક્ષણિકતાઓ એ છે કે તેની ડિલીવરી અન્ય મોડલ કરતાં ઝડપી કરવામાં આવે છે. આ મોડેલમાં લેસર-એચ્ડ બેજ સામેલ છે. સાથે સાથે તેમાં પ્રીમિયમ એસેસરીઝ તરીકે ઓફ-રોડ લાઇટ બાર, ગિયર લોકર ડિવાઇડર છે. ઉપરાંત સંપૂર્ણ

...અનુસંધાન પાના 9 પર

### ઈન્કમટેક્સ અધિકારી માટેની ફેસલેસ યોજનામાં ઓળખ છતી કરવાનો મામલો

# આઈટીના ડે.કમિ.ની સાથે ભરૂચના સીએની ધરપકડ

**સીએ** દિનેશ કુમાર અગ્રવાલ અને આઈટીના ડે.કમિ. વિજયેન્દ્રએ મોટા કરદાતાઓનો સામેથી સંપર્ક કર્યો હતો

**બાદમાં** કરદાતાઓને તેમને ગમતો ઓર્ડર કરાવી આપવાનું વચન આપી અધિકારીઓની માહિતી લીક કરી હતી

**સીએ** દિનેશકુમાર અગ્રવાલે પોતે રાજકીય નેતા હોવાનો દાવો કરી ભાજપના નેતા માટે પ્રચાર પણ કર્યો હતો

નવી દિલ્હીઃ અધિકારીઓએ જણાવ્યું હતું કે CBIએ શુક્રવારે આવકવેરા વિભાગના ડેપ્યુટી કમિશનર અને એક ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની આઇ-ટી આકારણી માટે ફેસલેસ યોજનાને તોડફોડ કરવા બદલ ધરપકડ કરી હતી. દિલ્હીમાં વિભાગના ઝંડેવાલન કાર્યાલયમાં તૈનાત 2015-બેચના ભારતીય મહેસૂલ સેવા (IRS) અધિકારી, આવકવેરા વિભાગના ડેપ્યુટી કમિશનર વિજયેન્દ્રની અહીં ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દિનેશ કુમાર અગ્રવાલની ગુજરાતના ભરૂચમાં ધરપકડ કરવામાં આવી હતી, એમ તેમણે જણાવ્યું હતું.

આ મામલામાં સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI) ની તપાસમાં જાણવા મળ્યું છે કે આ બંનેએ ઉચ્ચ-મૂલ્યના I-T આકારણી કેસોના વિવિધ કરદાતાઓનો સંપર્ક કર્યો હતો, અને લાંચના બદલામાં ચકાસણી હેઠળના તેમના કેસોમાં અનુકૂળ ઓર્ડર આપવાનું વચન આપ્યું હતું.


નાણા મંત્રાલયે પારદર્શિતા વધારવા, માનવીય હસ્તક્ષેપ ઘટાડવા અને ભ્રષ્ટાચાર અટકાવવા માટે ફેસલેસ યોજના રજૂ કરી હતી.

આ યોજનાને 'ફેસલેસ' કહેવામાં આવે છે કારણ કે કરદાતાને તેના આકારણી અધિકારીનો ચહેરો જોવા મળશે નહીં અને ખબર નહીં પડે કે કોણ મૂલ્યાંકન કરશે. આનાથી ઈન્ટરફેસ, વિવેકબુદ્ધિ અને ભ્રષ્ટાચારમાં ઘટાડો થશે.

જોકે, આ આરોપીઓ ગુપ્ત રીતે આ યોજના સંબંધિત ગુપ્ત આંતરિક માહિતી જેમ કે આકારણી અધિકારીનું નામ, ચકાસણી હેઠળના મુદ્દાઓ વગેરે, મોટા-ટિકિટ આકારણી/અપીલ કેસોને લગતી ગુપ્ત માહિતી એકત્રિત અને પ્રસારિત કરી રહ્યા છે, જે કરદાતાઓને આપવામાં આવી રહ્યા છે અને ત્યારબાદ, લાંચની રકમ એકત્રિત કરી રહ્યા છે. ધરપકડ કરાયેલા આરોપીઓને ન્યાયક્ષેત્ર કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવી રહ્યા છે," તેમ ફેડરલ એજન્સીના પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું હતું. ૬ ફેબ્રુઆરીના રોજ, સીબીઆઈએ આ કેસના સંદર્ભમાં દિલ્હી, મુંબઈ, થાણે, પશ્ચિમ ચંપારણ (બિહાર), બેંગલુરુ અને કોટ્ટાયમ (કેરળ) સહિત ૧૮ સ્થળોએ દરોડા પાડ્યા હતા. એજન્સીએ આવકવેરા વિભાગની ફરિયાદ પર પ્રાથમિક તપાસ (PE) શરૂ કરી હતી, જે પછીથી FIRમાં રૂપાંતરિત કરવામાં આવી હતી કારણ કે પ્રથમ દ્રષ્ટિએ અધિકારીઓની

...અનુસંધાન પાના 9 પર

## ગુલમહોર ગર તુમ્હારા નામ હોતા



1978ના વર્ષમાં દેવતા નામની ફિલ્મ આવી હતી. આ ગીત રાકેશ રોશન અને સારિકા ઉપર ફિલ્માવવામાં આવ્યું હતું. જે તે સમયે આ સોંગ ઘરે ઘરે સાંભળવામાં આવતું હતું. આ ગીત જ દર્શાવતું હતું કે ગુલમહોરની સુંદરતા ખૂબ જ હતી. વસંત ઋતુનો અંત અને ગ્રીષ્મની શરૂઆત થાય તે સમયમાં ગુલમહોરના ફૂલોથી અનેક વૃક્ષો ખીલી ઉઠતા હોય છે.

**(તસવીર : હેમંત ડેરે)**



# કાચબા ગતિએ લંગડાઈ રહેલા આઉટર રિંગ રોડનું કામ હવે પૂરજોશમાં શરૂ

**2023માં** પૂર્ણ કરવાનું આયોજન હતું, પરંતુ કોન્ટ્રાક્ટરે બેદરકારી દાખવતાં સરકારે તેને બ્લેકલિસ્ટ કરી નવા ઈજારદારને કામ સોંપ્યું

**શિક્ષણ** રાજ્યમંત્રીએ સુડા, મનપા અને કોન્ટ્રાક્ટર સાથે કામગીરીના સ્થળની મુલાકાત, સમીક્ષા કરી

સુરતઃ સુરત શહેર માટે અતિ મહત્વના એવા આઉટર રિંગ રોડ પ્રોજેક્ટની કામગીરી 2024ને બદલે 2023 સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. પરંતુ 2024નું વર્ષ પણ પુર્ણ થઈ ચુક્યું છે, પરંતુ હજી આઉટર રિંગ રોડની કામગીરી પૂર્ણ થઈ નથી. આઉટર રિંગ રોડ પ્રોજેક્ટ થકી ગઢપુરરોડ, સુરત કામરેજ રોડને મોટા વરાછા, ભરથાણા, કોસાડની નવી કનેક્ટિવિટી મળશે અને 10 કિલોમીટર જેટલા ટ્રાફિકના અંતરમાં પણ ઘટાડો થશે. શુક્રવારે શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરીયાએ સુરત શહેરના વરાછા ખાતે આઉટર રિંગ રોડ સહિત અન્ય પ્રોજેક્ટ્સની કામગીરીની સમીક્ષા કરી હતી.

સુરતના ગઢપુરરોડથી સુરત કામરેજ રોડ ઉપર થઈને વાલક - અબ્રામા તાપી નદી બ્રિજને જોડતો રોડ તેમજ ભરથાણા કોસાડને જોડતો રેલવે ઓવર બ્રિજ સહિતના રૂ. 85.14 કરોડનાં કામો ઝડપથી પૂર્ણ થાય તે માટે સુરત અર્બન ડેવલોપમેન્ટ ઓથોરિટી અને સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ તેમજ કોન્ટ્રકટર સાથે મળી તેમણે સ્થળ મુલાકાત લીધી હતી. મંત્રીએ જણાવ્યું હતું કે, સુરત શહેરમાં આઉટર રિંગ રોડની કામગીરીમાં વધુ વિલંબ થતા કોન્ટ્રકટરની બેદરકારીને ધ્યાને લઈને રાજ્ય સરકાર દ્વારા તેને બ્લેકલિસ્ટ કરવામાં આવ્યો હતો. સુરતના નાગરીકોને વધુ તકલીફ ન પડે તે માટે રાજ્ય સરકાર દ્વારા ટેન્ડરની પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરીને નવી એજન્સીને કામ સોપવામાં આવ્યું હતું. એક અઠવાડિયાથી નવી એજન્સી દ્વારા ખૂબ ઝડપથી આઉટર રિંગ રોડની કામગીરી કરવામાં આવી રહી છે.

સુરત ફરતેના આઉટર રિંગ રોડ પ્રોજેક્ટમાં ગઢપુર રોડથી સુરત કામરેજ રોડ પ્રોજેક્ટ અંતર્ગત વ્હિકલ અંડરપાસ, રોડવર્ક, ડીસ્ટ્રક્ચર અને ફ્લાયઓવર બ્રિજની કામગીરી ગત વર્ષોમાં પૂર્ણ કરવાનું આયોજન હતું. પરંતુ આ પ્રોજેક્ટની કામગીરી હજી ચાલી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આઉટર રિંગ રોડના પ્રથમ ફેઝનો કુલ 17.31 કિલોમીટરનો રૂટ છે. આ રૂટને

...અનુસંધાન પાના 9 પર

# ઘોડદોડ રોડના ટેક્સટાઈલ વેપારીની પત્નીએ મોડેલ આંચલ સિંઘ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી

**ફરિયાદી** અને તેના પતિ બંનેના નામની ફેક આઇડી બનાવી બીભત્સ લખાણ સાથે ફોટા મૂક્યા

**અગાઉ** દુષ્કર્મનો કેસ કર્યો હતો, જો કે તેમાં સમાધાન થઇ ગયું હતું

સુરતઃ સુરતની મોડેલ આંચલસિંઘે ઘોડદોડ વિસ્તારમાં રહેતી પરિણીતા અને તેના પતિના નામની ફેક આઈડી બનાવી હતી. જેના પર તેણે દંપતિના ફોટા સાથે બિભત્સ લખાણ લખી પોસ્ટ મૂકતા મામલો ઉમરા પોલીસ સ્ટેશનમાં પહોંચ્યો હતો.

પોલીસ પાસે મળતી માહીતી મુજબ ઘોડદોડ રોડ ઉપર રહેતી 35 વર્ષીય પરિણીતા રાજેશ્રી જૈને (નામ બદલ્યુ છે) ઉમરા પોલીસ સ્ટેશનમાં આંચલ સિંગ (રહે.ક્લિપટોન, અલથાણ)વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યુ છે કે તેઓ છેલ્લા કેટલાક વર્ષોથી સોશિયલ મીડિયા પર સક્રિય છે અને પોતાની માત્ર એક જ ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. ચલાવે છે. તેમ છતાં અચાનક ગત 22 એપ્રિલ, 2025ના રોજ તેમને તેમના જ નામની અજાણી આઈડીમાંથી એક ફ્રેન્ડ રીક્વેસ્ટ આવી, જેમાં તેમના તથા તેમના પતિના ફોટા અને અભદ્ર ટિપ્પણીઓ દર્શાવતી પોસ્ટ્સ નજરે પડી હતી. ત્યારબાદ ક્રમશઃ અન્ય બે નામની વધુ બે આઈડીમાંથી પણ તેમને ફ્રેન્ડ રીક્વેસ્ટ મળતી ગઈ.

આઈડીમાં મુકાયેલા ફોટાઓ અને

...અનુસંધાન પાના 9 પર

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹૪૫૦૦/- | ₹૩૦૦૦/- | ₹૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન: ૨૫૯૯૯૯૧ ફેક્સ: ૨૫૯૯૯૯૦

**અવસાન-બેસણું**



સ્વ. નરેશ ઉર્ફે નરેન્દ્રભાઈ રમણભાઈ પટેલ
સ્વ. તા. ૨૨-૦૪-૨૦૨૫, મંગળવાર

દિલગીરી સાથે જણાવવાનું કે મારા પુત્ર સ્વ. શ્રી નરેશ ઉર્ફે નરેન્દ્રભાઈ રમણભાઈ પટેલનું તા. ૨૨-૦૪-૨૦૨૫ને મંગળવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
પ્રભુ સદ્દગતના આત્માને ચિરશાંતિ આપે સદગતિ પ્રાપ્ત કરાવે.
સદગતનું સંયુક્ત બેસણું તા. ૨૮-૦૪-૨૦૨૫ને સોમવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ કલાક દરમ્યાન અમારા નિવાસ સ્થાને રાખેલ છે.

લિ.
માતા લિ. ગં.સ્વ. મણીબેન રમણભાઈ પટેલ
મુકેશભાઈ રમણભાઈ પટેલ (ભાઈ)
અનિલભાઈ રમણભાઈ પટેલ (ભાઈ)
જશકુમાર નરેન્દ્રભાઈ પટેલ (પુત્ર)
સ્થાન: પોપડિયુ ફળિયું, લાજપોર

**બીજી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



સ્વ.વિજયકુમાર જમીયતરામ બારડોલીયા
સ્વ. તા. ૧૮-૦૪-૨૦૨૩
તિથિ : ચૈત્ર વદ તેરસ

તમારું જીવન અમારી પ્રેરણા હતી, તમારા આદર્શો અમારા માર્ગદર્શક હતા. અમે તમારા સરળ જીવન, ઉચ્ચ વિચારો, દયાળુ સ્વભાવને ક્યારેપણ ભુલીશું નહી. ભગવાનને અમારી પ્રાર્થના છે કે, તમારો પ્રેમ અમોને આગામી જન્મમાં પણ મળશે. ભગવાન તમારા દિવ્ય આત્માને ચીર શાંતિ અર્પે તેવી પ્રાર્થના સાથે અમો પરિવારજનો પ્રથમ પૂણ્યતિથિએ અશ્રુભીની શ્રધ્ધાંજલી પાઠવીએ છીએ.

લિ.
ભાવનાબેન વિજયકુમાર બારડોલીયા (પત્ની)
અમર વિજયકુમાર બારડોલીયા(પુત્ર) અમી અમર બારડોલીયા(પુત્રવધુ)
રોશન વિજયકુમાર બારડોલીયા(પુત્ર) જેની રોશન બારડોલીયા(પુત્રવધુ)
વૈભવી સચીનકુમાર ખત્રી (પુત્રી) સચીનકુમાર ગીરીશભાઈ ખત્રી (જમાઈ)
મૈત્રી, પ્રથમ, પ્રતિક, ક્રિવની તથા સમસ્ત પરિવાર.

**ભાવભીની શ્રદ્ધાંજલિ**



સ્વ. પુષ્પાબાઈ નારાયણભાઈ ચૌધરી
સ્વ. તા. ૧૪/૦૪/૨૦૨૫

પરીવાર જેમનું મંદિર હતું, સ્નેહ જેમની શકિત હતી, કર્મ જેનું કર્તવ્ય હતું, પરમાર્થ જેની ભકિત હતી, જીવનભર પરિશ્રમ કરી પરિવારને સમૃધ્ધ બનાવી સારા સંસ્કારો આપી જીવન જીવવા શીખવી ગયા, દેહથી ભલે અદ્રશ્ય થઈ ગયા પરંતુ સ્મૃતિ હંમેશા યાદ રહેશે.
પરમકૃપાળુ પરમાત્મા આપના પવિત્ર આત્માને શાંતિ અર્પે એ જ અમારી હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ.

લિ.
પ્રેમ નારાયણભાઈ ચૌધરી (પુત્ર)
સ્વાતિ પ્રેમ ચૌધરી (વહુ)
કુશ પ્રેમ ચૌધરી, લવ પ્રેમ ચૌધરી (પૌત્ર)

Firm :
• Om Sai Ram Water Suppliers
• Luv Kush Construction